
ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0






શંકરાચાર્યજીનો જય હો... - શહેરમાં સફળતાના શિલ્પી હનુમાનજીની કથાના ચોથા દિવસે જગદગુરૂ પરમ પૂજ્ય શંકરાચાર્યજી મંગળવારે સાંજે કથામાં પધારતા શ્રોતાઓને આધ્યાત્મિક લાભ સાંપડ્યો હતો... દ્વારકાપીઠ શંકરાચાર્યજીએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં હનુમાનજીના મહિમાગાન સાથે રામમય જીવન જીવવાનું અને નિરાભિમાની જીવન શૈલી અપનાવવા અનુરોધ કર્યો હતો... આ પ્રસંગે શહેરના પદાધિકારીઓ અને ધાર્મિક આગેવાનો સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

## શહેર-જિલ્લામાં કોરોનાની રિકવરી વધી

# ડિસ્ચાર્જ થયેલા દર્દીઓ કરતા નવા કેસ ઓછા નોંધાયા

**શહેરમાં છ કેસ નોંધાયા : સે. ૬, સે. ૩-એ-ન્યુ તેમજ ૨૩ ઉપરાંત સરગાસણ, રાયસણ, ઝુંડાલમાંથી કેસ મળ્યા : ગ્રામ્ય વિસ્તારમાં ૩એ કેસ માણસામાં નોંધાયા : શહેરમાં નવ દર્દી અને ગ્રામ્ય વિસ્તારમાં ૭ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ અપાયુ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનામાં રિકવર થયા પછી ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓ કરતાં નોંધાયેલા દર્દીઓની સંખ્યા ઓછી છે. કોરોનાના આજે શહેરમાં નવા ૬ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૩ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭ દર્દીઓ અને શહેરમાં નવ દર્દીઓ કોરોનામાં રિકવર થતાં તેમને આજે ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં આજે ૧૬ દર્દી સાજા થયા છે જ્યારે નવા નવ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડા-ઉતાર થઈ રહ્યો હોવાથી તંત્રની ચિંતામાં ઘટાડો થયો નથી. જો કે કોરોનાનો રિકવરી રેટ સારો હોવાથી અને હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત જરૂર છે.

કોરોનાના નવા કેસોમાં કોરોનાના હળવા લક્ષણો દેખાઈ રહ્યા હોવાથી દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ વધુ કરી રહ્યાં તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. તંત્રએ સર્વેલન્સ અને ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કર્યો છે. શહેર-જિલ્લામાં છુટા છવાયા કેસો મળી રહ્યા છે પણ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૬ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયુ હોવાનુ તબીબી જગતમાં ચર્ચાઈ રહ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. બે સિનીયર સિટીઝન્સનો પણ આ યાદીમાં સમાવેશ થાય છે. શહેરમાં આજે નોંધાયેલ દર્દીઓમાં એક પણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતો હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ અને શહેરમાં ૩ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના સરેરાશ ચારથી ૬ કેસ દૈનિક છેલ્લા સપ્તાહથી નોંધાઈ રહ્યા છે.

શહેરના સે. ૬ માંથી ૮૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩-એ-ન્યુમાંથી ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૩માંથી ૮૫ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાં કેસો જે ગતિએ વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. સરગાસણ ગામમાંથી આજે ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણ ગામેથી ૩૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઝુંડાલ ગામેથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી પછી ૪૪૦૦થી વધુ મતદારો ઘટ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી પછી જિલ્લાના મતદારોમાં ૪૪૮૬ જેટલા મતદારોનો ઘટાડો નોંધાયો છે. જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો આવેલી છે અને પાંચેય બેઠકો પર મતદારો ઘટવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં હાલ ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશ દરમ્યાન નવા મતદારોની નોંધણી પછી વિધાનસભાની ચૂંટણીમાં નોંધાયેલા મતદારોની સંખ્યાને પાર કરી જઈશુ તેવુ તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશ અગાઉ મતદારયાદીનો ડ્રાફ્ટ રોલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. ૧-૧૦-૨૦૨૨ની સ્થિતિએ જિલ્લામાં નોંધાયોલા મતદારોની સંખ્યા ૧૩,૨૫,૫૫૫ હતી. વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૫-૧૨-૨૦૨૨ના રોજ યોજાઈ હતી જે નોંધનીય છે.

૧લી એપ્રિલના રોજની સ્થિતિએ પંચે મતદારયાદીનો જે ડ્રાફ્ટ રોલ પ્રસિદ્ધ કર્યો છે તેમાં જિલ્લામાં નોંધાયેલ મતદારોની સંખ્યા ૧૩,૨૧,૦૭૨ દર્શાવાઈ છે.

જિલ્લામાં મતદારોમાં ઘટાડો ગાંધીનગર (ઉ), ગાંધીનગર (દ), કલોલ અને દહેગામમાં જોવા મળ્યો છે. ગાંધીનગર (ઉ)માં વધારે ઘટાડો નોંધાયો હોવાનું જાણવા મળેલ છે. શહેર અને તેની આસપાસના વિસ્તારોના વિકાસને કારણે ઘટાડો થયો હોવાનું મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત કેટલાક મતદારોના મૃત્યુ થયાના કારણે અને ડુપ્લીકેટ નામ જણાતાં પણ નામો રદ થયા હોવાનું કારણ મનાઈ રહ્યું છે.

# ગરમીમાં રોગચાળાને ડામવા પાણીમાં ક્લોરિનેશનની માત્રા જાળવવા સુચના

**પાણીમાં ૦.૨ પી પી એમ થી ૦.૪ પી પી એમ સુધીની માત્રા જાળવાઇ રહે તે અનિવાર્ય : ગરમી વધતા સંભવિત પાણી જન્ય રોગચાળાને ડામવા તંત્ર સજાગ**

ગાંધીનગર તા ૧૧

આકરી ગરમીના દિવસો શરૂ થઇ ગયા છે. જયારે આકરી ગરમીમાં પાણીનો વપરાશ પણ વધી જાય છે. જયારે પાણીજન્ય રોગચાળાનો પણ ખતરો રહે છે. આ સ્થિતિને અનુલક્ષી તંત્ર દ્વારા હાલ પાણીમાં કલોરિનેશનની માત્રા વધારી દેવામાં આવી છે. ૦.૨ પી પી એમ ૦.૪ પી પી એમ સુધીની માત્રા જળવાઈ રહે તે માટે પણ સુચના આપવામાં આવી છે પાણી શુદ્ધિકરણની સાથે તેમાં કલોરિનેશનની જરૂરી માત્રા જળવાય તે માટે પણ વોટર વર્કસ પર જરૂરી તકેદારી રાખવામાં આવી રહી છે.

ગાંધીનગરમાં શિયાળાની ઠંડીના દિવસોની સાપેક્ષમાં ગરમીમાં પાણીનો વપરાશ સ્વાભાવિક રીતે જ વધી જાય છે. જયારે આવા સંજોગોમાં પાણી જન્ય રોગચાળો માથુ ન ઉંચકે તે માટે પણ વિશેષ તકેદારી રાખવામાં આવે છે. અગાઉ ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં રોગચાળાએ જોર પકડયુ હોવાના કિસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે. જયારે આ દરમિયાન પાણીમાં યોગ્ય કલોરિનેશની માત્રા ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે આ વર્ષે ત્રેવડી ઋતુની સાથે હવે ધીમે ધીમે ગરમીનુ પ્રમાણ વધી રહ્યુ છે. હાલ ગરમીનો પારો ૪૦ ડીગ્રીની ઉપર જતો રહ્યો છે. જયારે આગામી દિવસોમાં ગરમીનુ પ્રમાણ વધવાની સંભાવના છે. આવા સંજોગોમાં નગરજનોને વધુ પાણી પીવાની પણ તબીબી સલાહ આપવામાં આવે છે. જેના લીધે પાણી પીવાની સાથે તેનો વપરાશ પણ વધી જતો હોય છે. આ સ્થિતિ વચ્ચે પાણીમાં જરૂરી શુધ્ધિકરણની સાથે યોગ્ય કલોરિનેશનની માત્ર ન જળવાય તો રોગચાળો ફેલાય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી જેને અનુલક્ષીને તંત્ર દ્વારા ગરમીનુ પ્રમાણ વધવાની સાથે પાણીમાં કલોરિનેશનની માત્રા વધારી દેવા માટે અલબત્ત જરૂરી પ્રમાણ જળવાઈ રહે તે મુજબ સુચના આપવામાં આવી છે.

વોટર વર્કસ પર કલોરિનેશનની માત્ર સંદર્ભે વિશેષ કાળજી લેવા પણ જણાંવાયુ છે. શહેરના સેકટરો ઉપરાંત ગામોમાં છેવાડાના ઘર સુધી સપ્લાય થતા પાણીમાં યોગ્ય કલોરિનેશન જળવાઈ રહે તે માટે પણ સુચના આપી દેવામાં આવી છે. શહેરના

● અનુસંધાન પાન-૭ પર



જાહેરમાં કચરો સળગાવવાની મનાઈ હોવા છતાં સફાઈકર્મીઓ વારંવાર જાહેરમાં જ કચરો સળગાવતા નજરે ચઢે છે. હાલમાં શહેરમાં પાંદડાઓનો કચરો ખૂબ જોવા મળે છે. પાંદડાઓના કચરાનો નિકાલ કરવા માટે ઓછી મહેનત પડે તે માટે સફાઈકર્મીઓ જાહેરમાં જ કચરો સળગાવી દે છે.

# શહેર સતત બીજા દિવસે ૪૦ ડિગ્રીએ શેકાયું

**આકરો બની રહેલો ઉનાળો : વારંવાર પલ્ટાતા વાતાવરણ બાદ ખરો ઉનાળો હવે અનુભવાય છે**



ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં આખરે ઉનાળો જામ્યો છે. ઉનાળાની આકરી ગરમીનો અહેસાસ હવે થઈ રહ્યો છે. સતત બીજા દિવસે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાતા વસાહતીઓએ અંગ દઝાડતી ગરમી અનુભવી હતી.

ઉનાળાની ઋતુ તો માર્ચ મહિનાથી શરૂ થઈ હતી પરંતુ માર્ચ મહિનામાં વારંવાર વાતાવરણીય ફેરફારોના કારણે કમોસમી વરસાદ નોંધાયો હતો. કમોસમી વરસાદ પડતા છેક એપ્રિલ મહિનાના પ્રારંભ સુધી આકરી ગરમી અનુભવાતી ન હતી. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણ સુકુ રહેતા ગરમીનો પારો ઉંચકાયો હતો. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૦.૫ ડિ.સે. નોંધાયુ હતુ. જે આજે સતત બીજા દિવસે પણ જારી રહ્યુ છે. ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન રહેતા વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ. બપોરના સમયે શહેરના માર્ગો એકદમ સુમસામ લાગતા હતા. તડકો પણ ખૂબ આકરો લાગતો હતો. સાંજે સૂર્યાસ્ત બાદ ગરમીમાં થોડીક રાહત મળી હતી.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી કેટલાક દિવસોમાં ગરમીમાં ખાસ્સો એવો વધારો થશે. ઉત્તર ગુજરાત સહિતના કેટલાક વિસ્તારોમાં હીટવેવની સંભાવના છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે ગુજરાત, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, હરિયાણા, બિહાર, રાજસ્થાન અને પંજાબમાં ગરમી વધશે. જેના કારણે જનજીવન પ્રભાવિત થવાની સંભાવના છે.

## વન વિભાગે સકારાત્મક વલણ દાખવતા

# સ્માર્ટ રોડની વિલંબિત કામગીરી ત્રણ મહિનામાં પૂર્ણ કરાશે

ગાંધીનગર, તા. ૧૧

સ્માર્ટ રોડ બનાવવા માટે વન વિભાગના વલણમાં બદલાવ આવતાં બાકી રહેલી કામગીરીને ત્રણ માસમાં પુરી કરવા માટે તંત્રએ મન બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના પ્રભારી મંત્રી અને રાજય ગૃહમંત્રી હર્ષ સંઘવીના પ્રયાસોને સફળતા મળી રહી હોવાના સંકેતો મળી રહ્યા છે. વન વિભાગ દ્વારા ટૂંકમાં જ સ્માર્ટ રોડ માટે જે વૃક્ષો કપાતની મંજૂરી અટવાઈ હતી તે વૃક્ષો કાપવાની મંજૂરી મળી જશે તેમ જાણવા મળેલ છે. આ માટે ૮૦૦ થી વધુ વૃક્ષો કાપવા પડે તેવી શક્યતાઓ હતી. તંત્રએ શકય હોય ત્યાં ફલેક્સિબલ ડક્ટ તૈયાર કરી વૃક્ષોને બચાવી લેવાની તૈયારી દર્શાવતાં વન વિભાગે પણ હકારાત્મક વલણ દાખવવાની તૈયારીઓ દર્શાવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

પાટનગરને સ્માર્ટ સિટી બનાવવાના પ્રયાસો અંતર્ગત શહેરના ત્રણ મુખ્ય માર્ગોને સ્માર્ટ રોડ બનાવવા માટે રૂ. ૯૦ કરોડના ખર્ચે કામગીરી શરૂ થઈ હતી. ૨૦૧૯ના વર્ષમાં શરૂ થયેલા આ પ્રોજેક્ટનો હેતુ રોડ નંબર ૬, ૭ અને ગ રોડને પહોળા કરીને ૩૩ કિમી રોડ પર સાઈકલ ટ્રેક, ફૂટપાથ તથા અંડરગ્રાઉન્ડ કેબલ નેટવર્કિંગ ઉભુ કરવાનો છે. ડામર પાથરીને રોડ પહોળો થઈ ગયો છે. પરંતુ સાઈકલ ટ્રેક, ડક્ટ તથા ફૂટપાથનું કામ દરેક જગ્યાએ અધુરૂ છે. વન વિભાગ દ્વારા પ્રોજેક્ટમાં નડતરરૂપ વૃક્ષો કાપવા માટે મંજૂરી નહી મળતાં ત્રણ વર્ષથી આ પ્રોજેક્ટ પૂરો થઈ શક્યો નથી. જો કે ટૂંક સમયમાં વન વિભાગ પાસેથી મંજૂરી મળી જવાની અને ત્રણ મહિનામાં પ્રોજેક્ટ પૂરો થવાની મ્યુનિ. સત્તાધિશોને આશા છે.

૨૦૧૯ના વર્ષમાં સમગ્ર રાજ્યમાં નમૂનારૂપ બને તેવા સ્માર્ટ રોડ પાટનગરમાં તૈયાર કરવાનું આયોજન હાથ ધરાયુ હતુ. જેના માટે રોડ નં. ૬, ૭ અને ગ-રોડની પસંદગી થઈ હતી. આ ત્રણેય રોડની પહોળાઈ વધારવાની સાથે તેની બાજુમાં સાઈકલ ટ્રેક અને ફૂટપાથ ઉભી કરવાની હતી. સાઈકલ ટ્રેક અને ફૂટપાથની વચ્ચે ડકટ બનાવવાના હતા, જેથી વીજળીના વાયર, ગેસની પાઈપલાઈન કે અન્ય કેબલ ખુલ્લામાં ન દેખાય અને કોઈ એક સુવિધામાં ફોલ્ટ ઉભો થાય ત્યારે ખાડા ન ખોદવાના બદલે માત્ર ડકટના સાંધા ખોલવાથી સમસ્યાનું નિવારણ આવી શકે. સ્માર્ટ રોડનો કન્સેપ્ટ ત્રણ સ્થળે સફળ થાય તો સમગ્ર ગાંધીનગરમાં તેનો અમલ કરવાની તૈયારી તંત્ર દ્વારા હાથ ધરાઈ હતી. ત્રણેય મુખ્ય માર્ગ પર ૩૩ કિમીની લંબાઈ ધરાવતા રોડને પહોળા કરવાની અને ડામર પાથરવાની કામગીરી ખૂબ ઝડપથી

● અનુસંધાન પાન-૭ પર

# તલાટી સંવર્ગની પરીક્ષા માટે તંત્ર દ્વારા કવાયત તેજ કરવામાં આવી

**પરીક્ષાઓ ચાલી રહી હોવાથી તંત્રને પણ કેટલીક મુશ્કેલી પડી રહી હોવાના સંકેત**

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લામાં પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા કલાર્ક સંવર્ગની ભરતી માટે યોજાયેલ પરીક્ષા બાદ તંત્ર હવે તલાટીઓની ભરતી માટે લેવાનાર પરીક્ષાના આયોજનમાં વ્યસ્ત બની છે.

શૈક્ષણિક સંકુલોમાં હાલ પરીક્ષાઓ ચાલી રહી હોવાથી વર્ગખંડોની ઉપલબ્ધિનો પ્રશ્ન તંત્રને સતાવી રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે તલાટી સંવર્ગની પરીક્ષા માટે કલાર્કની પરીક્ષા કરતાં વધુ પરીક્ષાર્થીઓ માટે વ્યવસ્થા કરવાની થાય છે.

તંત્રને બીજી તકલીફ એ પડી રહી છે કે કોલેજોના સંકુલોમાં સી.સી. ટીવી કેમેરાનું નેટવર્ક જોઈએ તેટલુ ઉપલબ્ધ નથી. પરીક્ષાનો માહોલ પણ ચાલી રહ્યો છે. તંત્રના અધિકારીઓ આ માટે સતત બેઠકો ચલાવી રહ્યા છે. હાલ તો એવા સંકેત મળી રહ્યા છે કે આ માટે જે તારીખ નિયત કરાઈ છે તેમાં ફેરફાર એકાદ-બે દિવસનો થશે.

તંત્ર દ્વારા હાલ આ અંગેની કવાયત તેજ કરવામાં આવી રહી છે. આજે જિલ્લાઓ સાથે સમીક્ષા બેઠક પણ યોજાઈ હતી. બીજી તરફ શિક્ષણમંત્રીએ પણ બેઠકો કરી અને કોલેજ સંચાલકો સાથે વધુ રૂમો ફાળવવા માટે વાત કરી રહ્યા છે.

તલાટી સંવર્ગની પરીક્ષા માટે જિલ્લામાં ૬૪ હજાર જેટલા પરીક્ષાર્થીઓની વ્યવસ્થા કરવાના લક્ષ્ય સાથે હાલ તંત્ર આગળ વધી રહ્યુ છે. કલાર્ક સંવર્ગની પરીક્ષા માટે ૩૭,૪૦૦ પરીક્ષાર્થીઓની વ્યવસ્થા કરવામાં આવી હતી જે નોંધનીય છે.

# શહેરમાં અનઅધિકૃત આવાસોના મામલે બે મહિનાથી તપાસના નામે મીંડુ

**ગત ફેબ્રુઆરી મહીનામાં નોટીસ આપવામાં આવી હતી ઇવિકશન કોર્ટમાં પણ કેસ પેન્ડીંગ : કોર્ટ પ્રકીયાના અંતે થોડા સમય અગાઉ ૫૦ મકાનો ખાલી કરાવાયા હતા**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો સાડા ચાર દાયકાના અંતે કંગાળ અને જોખમી બન્યા છે. જયારે આવાસો રહેણાંકને લાયક ન રહેતા તબક્કાવાર તોડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે જો કે સેકટરોમાં સ્થિત સરકારી આવાસોમાં અનઅધિકૃત વસવાટના કિસ્સામાં પણ અનેક ફરિયાદો ઉઠવા પામે છે. જો કે છેલ્લા બે મહીનાથી આ મામલે કોઇ કાર્યવાહી થઇ નથી અલબત્ત ગત ફેબ્રુઆરી મહીનામાં નોટીસ અપાયા બાદ આવાસોમાં અનઅધિકૃત વસવાટ અંગે તપાસ થઇ નથી. જયારે થોડા સમય અગાઉ ઈવિકશન કોર્ટમાં દાખલ કેસની કાર્યવાહીના અંતે આવાસો ખાલી કરાવાની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગરમાં સરકારી આવાાસોના મામલે છેલ્લા બે મહીનાથી અનઅધિકૃત કિસ્સામાં ચકાસણી કરવામાં આવી નથી અગાઉ ગત ફેબ્રુઆરી મહીનામાં આવાસ ખાલી ન કરનારને નોટીસ આપવામાં આવી હતી જયારે હાલની સ્થિતિએ આવાસોના મામલે ૩૦૦ જેટલા કિસ્સામાં ઈવિકશન કોર્ટમાં કેસ પેન્ડીંગ છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો એકબાજુ કંગાળ અને જોખમી બનતા જાય છે. જયારે આવા જોખમી આવાસો તોડવા માટે પણ તબક્કાવાર મંજુરીના અંતે કામગીરી હાથ ધરવામાં આવે છે. હાલ પણ સે-૧૨ , સે-૧૬ અને સે-૧૭ માં જ અને છ કક્ષાના આવાસો તોડવા માટે મંજુરી આપવામાં આવી છે. જયારે ટુંકમાં જ મકાનો તોડવા માટે કામ પણ હાથ ધરવામાં આવશે. એકબાજુ જોખમી મકાનો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે જયારે બીજીતરફ નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. શહેરમાં દાયકાઓ પુર્વે નિર્માણ કરાયેલા આવાસો ૪૫ વર્ષના અંતે હવે ભયજનક હાલતમાં છે. જેને અનુલક્ષી નવા કોર્પોરેટ લુક ધરાવતા સુવિધાયુકત મકાનો તૈયાર કરવામાં આવી રહ્યા છે. ઓછી જગ્યામાં વધુ સુવિધા ધરાવતા મકાનો તૈયાર કરવા માટે પણ કરોડો રૂપિયાનો

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com